**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૬ ઑગષ્ટ ૨૦૧૨**

## ઈંટરનૅશનલ લેપ્રસી યુનિયન ના અધ્યક્ષ ડૉ.શરદચંદ્ર ગોખલે અને માજી પેટ્રોલિયમ પ્રધાન શ્રી રામ નાઈકે મુંબઈ ખાતે ૬ ઑગષ્ટ ૨૦૧૨ ના સંયુકત પત્રકાર પરિષદમાં વિતરીત કરેલ નિવેદન

### કુષ્ઠપીડિતોના માનવી હકક સંરક્ષણ માટે સમિતીની સ્થાપના

**મુંબઈ,સોમવાર :** કુષ્ઠપીડિતોના માનવી હકકના સંરક્ષણ ખાતર અને તે પ્રયત્નને સંગઠીત દિશા આપવા માટે 'કુષ્ઠપીડિત માનવી હકક સંરક્ષણ સમિતી' સ્થાપન કરવાનો નિર્ણય ઈંટરનૅશનલ લેપ્રસી યુનીયને લીધો હોવાથી તે સમિતિના અધ્યક્ષ તરીકે માજી પેટ્રોલિયમ પ્રધાન શ્રી રામ નાઈકની વરણી કરવામાં આવેલ છે. તેમજ ઉપાધ્યક્ષ તરીકે ઈંટરનૅશનલ લેપ્રસી યુનિયન ના અધ્યક્ષ ડૉ. શરદચંદ્ર ગોખલે આ કાર્ય સંભાળશે.આ મુજબની માહિતી ડૉ.શરદચંદ્ર ગોખલેએ મુંબઈ ખાતે આજે એક પત્રકાર પરિષદ માં આપી હતી.

આ સંદર્ભે વધુ માહિતી આપતાં ડૉ.શરદચંદ્ર ગોખલે એ કહ્યું હતું કે " કુષ્ઠપીડિતો માટે કામ કરતી વેળાં સમસ્યાઓનું નિરાકરણ કરતી વેળાં અનેક સ્થળે કુષ્ઠપીડિતોના માનવી હકક નો ભંગ થતું હોવાનું સાંપડે છે. પાછલા અમુક મહિના માં ઈંટરનૅશનલ લેપ્રસી યુનિયન ની વતી કેંદ્ર અને વિવિધ રાજયોમાંના માનવી હકક આયોગ પાસે ૧૫૧ ફરિયાદો કરવામાં આવી. તેમાંના ૯૩ પ્રકરણોનો સકારાત્મક નિકાલ આવ્યો છે. છતાંયે હાલ પણ ૪૦ પ્રકરણો વિચારાધીન છે. તેનો ખરેખરો વિચાર કરીએ તો ઓછામાં ઓછા ૭૫ થી ૮૦ ટકા માનવી હકક ભંગના પ્રકરણમાં કુષ્ઠપીડિતોને ન્યાય મળી શકેતેવું લાગે છે. તેથી અમે કુષ્ઠપીડિતો ના માનવી હકકના સંરક્ષણ માટે સમિતી સ્થાપન કરવાનું નકકી કર્યુ છે. આ સમિતી નુ અધ્યક્ષપદ શ્રી રામ નાઈક શોભાવશે, અને કુષ્ઠપીડિતોના નૅશનલ ફોરમ ના અધ્યક્ષ પદ્મશ્રી ડૉ.પી.કે ગોપાલ કાર્યાધ્યક્ષ પદે રહેશે. સચિવ પદે કામ કરવાની જવાબદારી રાજસ્થાનના શ્રી સુરેશ કૌલે સ્વીકારી છે. જે ૧૯ રાજયોમાં કુષ્ઠ દર્દીઓ છે તેવા પ્રત્યેક રાજય ના એક એક પ્રતિનીધી સંયોજક તરીકે આ સમિતી પર રહેશે. મહારાષ્ટ્રનું પ્રતિનિધિત્વ માજી મહાસંચાલક (કારાગૃહ) શ્રી રામ બેલવડી કરશે. જયારે અન્ય સંયોજક ડૉ.સી.એસ.વૉલ્ટર (દિલ્લી), ડૉ. રંગનાધન રાવ (આંધ્રપ્રદેશ) અને ડૉ. નુરૂદ્દિન (તામિલનાડૂ) નો સમાવેશ છે. અન્ય રાજયો ના પ્રતિનિધિ ઠરાવવાની પ્રક્રિયા ચાલૂ છે."

..૨..

સમિતી ના અધ્યક્ષ તરીકે કામ કરવાની જવાબદારી સ્વીકારવા પાછળની ભૂમિકા કહેતા શ્રી રામ નાઈકે કહ્યું હતું કે, "પાછલાં અમુક વર્ષ કુષ્ઠપીડિતોની સમસ્યા ના નિરાકરણ માટે રાજય સભામાં વિનંતી અર્જી રજૂ કરી તેનો સાતત્યથી પત્રવ્યવહાર કરવાથી માંડી માજી રાષ્ટ્રપતી શ્રીમતી પ્રતિભા પાટીલ ની પ્રતિનિધિઓ સાથે ગયા વર્ષમાં બે વખત મુલાકાત લઈ ચર્ચા કરી. તેમજ મહારાષ્ટ્ર માં પણ મુખ્યપ્રધાન અને ઉપમુખ્યપ્રધાન ની સાથે સમયે – સમયે ચર્ચા કરી. તેમાંથી અમુક પ્રશ્નો ને દિશા મળી હોવા છતાંયે કુષ્ઠપીડિતો બાબતે કેંદ્ર અને રાજય સરકાર માં સંવેદનહીનતા નો જ વધુ અનુભવ સાંપડે છે.છતાંયે અમે તે સમસ્યાઓનો પત્રવ્યવહાર કરતાં જ રહીશું. તેની જ સાથે પૂરક પ્રયત્ન તરીકે માનવી હકક નું સંરક્ષણ કરનારા કાયદાનો પણ અમે હથિયાર તરીકે ઉપયોગ કરીશું. તે માટે સંગઠીત પ્રયત્ન કરવાની ગરજ હોવાથી હું અધ્યક્ષ પદ ની જવાબદારી નો સ્વીકાર કરૂં છું."

"આવતા ત્રણ મહિનામાં સર્વ રાજયોમાં માનવી હકક સંરક્ષણ સમિતીનાં સંયોજક નકકી કરવામાં આવશે. આ સમિતી પાસે દેશના કુષ્ઠપીડિતોએ માનવી હકક ભંગની કથા સમિતીના પુના કાતેના મુખ્ય કાર્યાલય ને પાઠવવી" આ મુજબનું આવાહ્ન પણ શ્રી રામ નાઈક અને ડૉ. શરદચંદ્ર ગોખલેએ કરેલ છે. **સરનામું** : ઈંટરનૅશનલ લેપ્રસી યુનિયન - હેલથ અલાયન્સ, કાસ્પ ભવન, સર્વે ક્રમાંક ૧૩૨/૨,પ્લૉટ ક્ર.૩, પાષાણ બાણેર લિંક રોડ, પુના ૪૧૧૦૨૧, ટેલિફૅક્સઃ ૦૨૦–૨૫૮૬૨૮૩૬, ઈ-મેલ : ilupune@ gmail .com

**(કાર્યાલય સચિવ) વતી**